૫૪૩૨ શ્રી [redacted]

અધ્યાત્મ ચિંતામણી.

"માહારાજ ઉમેચંદ્રજી કૃત્ય."

જીજ્ઞાસુ જનોને માટે.

૮૦

છપાવી પ્રસિદ્ધ કરનાર.

નાથાલાલ વ્રિજવલ્લભદાસ તથા

ત્ર. રેવાશંકર હાથિજી.

સુરતે તરફથી.

દોહરો.

જ્ઞાન મણી જોતી પ્રભા, અંધકાર હર શ્રેષ્ઠ;
તેમાં વધી કારણે, કરૂં મણી આ ભેટ.

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ "પ્રેસમાં"

નથુભાઇ રતનચંદ મારફતિયાએ છાપી.

કીંમત રૂ ૦-૧-૦

श्री अध्यात्म चिंताम

"સત્ય દેવ તે કોણ"?--કર્મ શત્રુઓને ક્ષય કર પર્મપદ પ્રાપ્ત કરે તે.

"સત્ય ગુરૂ કોણ"?—હિતોપદેશક અને અહંતા મમતાનો ત્યાગ કરે તે. "પવિત્ર ધર્મ ક્રિયા"?–સદયા પૂર્વક પરદયા પાળીને ભવસમુદ્રથી તરી શકાય તે. "ખરૂં સુખ શું"?–પર પદાર્થો ઉપરથી નીરમગતે વર્તવું તે. અસહ્ય દુ:ખ શું? જન્મ મરણ કરી ભવ ભ્રમણ કરવું તે. "ખરૂં જ્ઞાન શું"?–જગતની મમતામાં પ્રવેશ કરતાં અટકી જવું તે. "અજ્ઞાન તે શું"?–કપટ અને પ્રપંચથી કર્મ સંચય કરી મિથ્યાતીના ગતમાં પ્રવરતવું તે. "દક્ષાતા પુરૂષ તે કોણ?"–જીન પ્રણિત ધર્મનો ઉપદેશ ગ્રહણ કરી શકે તે. "ઉત્તમ ધ્યાન શું"?–ચિત્તની ચપળ પ્રવર્તિને સ્થિર કરવી તે. "ધ્યેય તે શું"?–રાગદ્વેષની પરિણુતીને ક્ષય કરીને વિતરાગ ભાવમાં વર્તનાર પુરૂષ. "સત્ય અભિમાન શું"?–ભવની થતી પરિપકવ કરવા પ્રયત્ન કરવું તે. "ખરૂં અપમાન શું"?–અનંતકાળ સુધી અભવિપણું ભોગવવું તે.

હવે નવ તત્વનું લક્ષણ કહે છે.

"જીવનું લક્ષણ શું"?—સદાય કાળ સચેત રહે તે.

"અજીવનું લક્ષણ શું"?—સદાયકાળ અચેત, જડ રહે તે. "પુન્યનું લક્ષણ શું"?—સર્વ પ્રાણી ઉપર ઉપકારની બુદ્ધ રાખીને સંતોષ ઉપજાવવો તે. "પાપનું લક્ષણ શું?"?–સર્વ પ્રાણીને પીડા કરી અસંતોષ ઉપજ તે. "આશ્રવનું લક્ષણ શું"?–હમેશાં સુભાસુભ ક સરવાણીઓ આવે તે.

"સંવરનું લક્ષણ શું"! સુભાસુભ કર્મની આતી સરવાણીઓને સમકીત જ્ઞાન પૂર્વક વ્રત પચખાણથી રોકી રાખવી તે. "નીરજરાનું લક્ષણ શું"? આત્મ પ્રદેશની સાથે બંધાયેલ કર્મની રજકણો તેને બાર પ્રકારના

વડે ખપાવી નિર્મળ થવુ તે "અધનું લક્ષણ શું"? [illegible] પુરૂષને નપુશક એ ત્રણ વેદના વિકારની પ્રકૃતિઓને આશ્રિત થઇ રહેવું તે "મુક્તિનું લક્ષણ શું"? ત્રણ જાતના વેદ વિકારથી ન્યારીને વગળું થવું તે. "હેય તે શું"? જગતની મિથ્યા મમતાનો ત્યાગ કરવો તે. "જ્ઞેય તે શું"? આત્મા અને કર્મ એ બેને જુદા સમજવાનું જાણપણું કરવું તે. "ઉપાદાન તે શું"? પુદગળનો ત્યાગ કરીને આત્મ તત્વને ગ્રહણ કરવું તે. "ધર્મબોધ તે શું"? જગત ઉપરની મિથ્યા દ્રષ્ટિને સંકેલી લેવી તે "અબોધ તે શું"? મિથ્યાતની બુદ્ધિથી ધર્મ વિરૂદ્ધ ચાલે તે. "વિવેક તે શું"? પોતાના આત્માનું હમેશાં હિત્ય ચિંતવન કરવું તે. "અવિવેક તે શું"? પોતાના હકમાં થતું નુકશાન સમજી શકે નહિ તે. "ચતુર કોણ"? પોતાના કલ્યાણને માટે જન્મ મરણની ફાંશી તોડવા શક્તિ ધરાવે તે. "મુરખ તે કોણ"? જન્મ મરણની ફાંશીમાં બંધાય તે. "રાજાથી વધારે સુખ શું"? વૈરાગ ભાવથી સદા સંતોષ રાખવો તે. "ભીક્ષુક તે શું"? સદા અસંતોષથી લોભી થઇ રહેવું તે. "ગુણવંત તે કોણ"? સર્વે પદાર્થોમાંથી ગુણ લઇને અવગુણ ઢાંકે તે "જોગી પુરૂષ કોણ"? જેણે સર્વેની મમતા ન રાખી તે. "જતી પુરૂષ તે કોણ"? મન તથા પાંચ ઇંદ્રિઓને પોતાને કબજે કરે તે. "સત પુરૂષ કોણ"? સમતા સ્વભાવમાં આનંદ રહે તે. "મહાન પુરૂષ કોણ"? અભિમાનને જીતે તે. "વિર પુરૂષ કોણ"? કામદેવને જીતે તે "કાયર પુરૂષ કોણ"? કામદેવને વશ થઇ જાય તે. "માણસના આકારમાં પશુ કોણ"? સદાકાળ અવરતીપણે રહે તે. "મનુષ્ય કોણ"? સર્વ પ્રકૃતિઓને શાંત કરી અંતરધ્યાન કરે તે. "દીર્ઘદ્રષ્ટિ તે શું"? જ્ઞાનની ચક્ષુએ જોવું તે. "બ્રાહ્મણ તે કોણ"? પરબ્રહ્મ એટલે પરમાત્માનું સ્વરૂપ જાણીને સર્વે ઇચ્છા રોકે તે. "ક્ષત્રી-[illegible]"? કર્મરૂપ શત્રુઓને જીતીને અજર અમર પ-[illegible] તે. "[illegible]"? બીજા જન્મે માટે અનંત સુખ

રસ્તો છોડી દે તે. "શુદ્ર તે કોણ"? ગાળણીની જેગ ર વસ્તુનું ભક્ષણ કરે તે. "ચપળચીત શું"? સ્વપના જે.. સંસારના સુખ દુખને ભોગવતાં છતાં સમજી શકે નહિ તે. 'સ્થિર ચિત્ત શું"? સંસારનું સ્વરૂપ સમજીને ધર્મને આદર કરે તે. "ખાબોચીયા જેટલું જળ તે શું"? વિષય સુખમાં લલચાઈ ગએલાનું જ્ઞાન. "મહાસાગર તે શું"? વિષય આશા નહિ કરનાર પુરૂષનું જ્ઞાન "મોટો તપ તે કયો"? નાશવંત પદાર્થ ઉપરથી ઇચ્છા ઉતારવી તે. "મોટો મંત્ર તે કયો"? નવકાર મંત્રનો મુળ તત્વ સમજીને તેના ગુણનું ચિત્તવન કરવું તે "સંજમ તે શું"? સંસાર વહેવારમાં ચાલતી પ્રવર્તીને સ્થિર કરવી તે. "ચોર કોણ!" ધર્મનું આરાધન કરવાની શક્તિ છે તો પણ પોતામાં મુંઢપણું હોવાને લીધે કરે નહિ તે. "સાહુકાર કોણ?" સંસારની પ્રવર્તીમાંથી નિવર્તી લઈને મોક્ષનું આરાધન કરવા ધર્મ ધ્યાન કરે તે. "શું કરવામાં ઘણી મહેનત છે!" ચપળ મનને વશ કરવામાં. "માયા કપટ ક્યાં રહે છે!" ધર્મથી ભ્રષ્ટ થયેલી સ્ત્રીના હયામાં. "નિચમાં નિચ તે કોણ"? સર્વ ઉપર અદેખાઈ કરે તે. "ઉચમાં ઉંચ કોણ"! સર્વ ઉપર અદેખાઈ ન કરે તે. "ઉત્તમ પુરૂષ કોણ"? હરખને સોગ આવે ત્યારે સંભાવ રાખે તે. "જાજવળ માનઅગ્નિ તે કોણ"? સદાય રીસાળ માણસનો ક્રોધ. "મસ્તાન હાથી કોણ"? અભિમાનથી મદમાં છકી જાય તે. "વાખની વેલ તે શું"? અહોનીશ માયા કપટ કરવામાં મચી રહે તે "તોફાની સમુદ્ર કિયો"?— અતિશય લોભના વિચાર કરે તે. "કેનાથી અળગા રહેવું"? પોતાનામાં સારા ગુણ હોય તેને હાની પહોંચાડે તેવા નીચ માણસથી. 'કેને મળવાનું મન કરવું"? શાંત સ્વભાવવાળા મુની મહારાજને. 'કેને મળીએ તો પોતાની અસાધ્ય મટે"? જ્ઞાની સાધુ મુનીરાજને મળવાથી. "પ્રતિન ઘટનાની જગ્યા ક્યાં છે"? અજ્ઞાની અને ગાણુથી હીણી નિર્લજ સ્ત્રીઓ રહેતી હોય ત્યાં. "વિજળીથી વધારે ચપળ શું"? ધન, જોબન અને આવખું. "મેરૂથી અ-

ડોલ કોણ"? કર્મ ક્ષય કરનાર અજોગી કેવળજ્ઞાની તથા સિદ્ધ ભગવાન. "સારામાં સારૂં શું"? ભવરૂપ સમુદ્રમાં ધથી પડતા આધાર ધરી પાર ઉતારી શકે તેવું ધર્મ. "નરસામાં નરસું"? સડેલ મ્રતક જેવું સ્ત્રી પુરૂષનું શરીર તથા ધન અને જોબનનો મદ. "નર્કનો દરવાજો કયો"? સ્ત્રીઓના ગર્ભ સ્થાનકમાં અતિ પ્રેમ રાખે તે. "અંધ પુરૂષ તે કોણ"? સારને અસાર વસ્તુનો ભેદ ન સમજે તે. "બહેરો તે કોણ"? શાસ્ત્રજ્ઞાન ભણે તથા સાંભળે પણ તેનો તત્વ ન સમજે તે. 'મુંગો તે કોણ"? પોતાને તથા પરને ગુણ થાય તેવુ બોલવાનો અવસર ન જાણે તે. "કાનનું આભુષણ શું"? જીન પ્રણીત ધર્મોપદેશ સાંભળવો તે "આંખનું આભુષણ શુ"? વિતરાગ દેવના તથા પવિત્ર ગુરૂના દર્શન કરી શકાય તે. "જીભનું આભુષણ શું? ગુણવંતના ગુણ ગાઇને અવગુણ ઢાંકવા તથા સત્ય વચન બોલવું તે. "હાથનું આભુષણ શુ"? જીવ દયા પાળી શકાય તથા સુપાત્રે દાન દઇ શકાય તે. "બળવાન હાથ તે કયો"? સંસારરૂપ સમુદ્રને જે શક્તિવડે તરી શકાય તે. "હયાનું આભુષણ શુ"? પંચપરમેષ્ટીનું ખરા ભાવથી ધ્યાન કરવું તે. "ગળાનું આંભુષણ તે શુ"? પરમેશ્વરના અનંત ગુણને સંભારી તેની સ્તુતિ કરવી તે સાચા મોતીની માળા પહેરી કહેવાય છે. "કપાળનું તિલક તે શું" સદ્દગુરૂના પગની રજ કપાળમાં લગાવવી તે. 'સાચી જનેતા કોણ"? દયા પાળવી તે. 'ખરા પીતાજી કોણ"? સંસારથી તરી શકાય તેવો ધર્મ "ખરો શત્રુ કોણ? મોહની કર્મ. ખરો મીત્રકોણ?" સુખ દુઃખ એ બે આવે તે વખતે સહાય કરે તથા હિમત આપે તે. "પંડીત તે કોણ?" સદાય પાપકર્મથી ડરે તે. "મુરખ તે કોણ?" પાપકર્મથી ડરે નહિ અને હિંસા કરે તે. "સદાય સુખી તે કોણ?'. સંતોષ રાખે તે. "સદા દુઃખી તે કોણ?" અતિશય ત્રષ્ણા રાખે તે. "સદા નિસ્ભય પુરૂષ કોણ?" સદાય વિષય જીતે તે. 'મોટો ભ તે કયો?" મોત "જરા તે શું?" ઘણો પંથ કરવાથી "

ફી મળે તે. "મોટી નીશા તે શું?" ભૂખ "ચપળ ઘોડા તે કયા" મન તથા પાંચ ઇંદ્રિઓ. "કલ્પવૃક્ષ તે કયું"? સંજમવ્રત પાળે તે. "ચિંતામણી રત્ન તે શું?" ખરા અનુભવ સુખમાં આનંદ અને મગ્ન રહેવું તે "કામધેનું ગાય કોને કહીયે" ગુરૂગમ લઇને શાસ્ત્રજ્ઞાનનો અભ્યાસ કીધો તેને "દુઃખથી છુટવાનું ખરૂં સાધન કયું?" સંજમની શ્રેણીએ ચડી જાવું તે "જાળમાં બંધાય છે કોણ" મોહની કર્મની અઠાવીસ પ્રકૃતિ સેવવામાં મચી રહે તે. "પાપનું મુળ શું?" લોભ કરવો તે. "રોગનું મુળ શું?" પાંચ ઇંદ્રિના ભોગ લેવા તે. "દુઃખનું મુળ શું?" સ્નેહ કરવો તે. "ખરી પવિત્રતા તે શું?" માયા કપટનો ત્યાગ કરે તે. ખરી અપવિત્રતા તે શું?" પોતાની કાયા, "અમ્રતરસ તે શું?" અધ્યાત્મવાણીનો અદભૂત રસ પીવો તે "ખરૂં ઝેર તે શું?" ચાર વિકથા કરવી તે. સત સંગ તે શું?" જેની પાસેથી તત્વજ્ઞાનનો લાભ મળે તે. "કુસંગ તે શું?" જેની પાસે બેસતાં ગુણ જાય અને અવગુણ વધે તે. "પતંગનો રંગ તે શું?" દુર્જન અને પ્રપંચી માણસની પ્રીતિ કરવી તે. "મજીઠનો રંગ તે શું?" સજ્જન તથા સંત પુરૂષની પ્રીતી કરવી તે. ચિત્રાવેલ તે શું?" મન, વચન ને કાયાના શુભ જોગથી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કરનારની ખરા ભાવે ભક્તિ કરવી તે "આ ઉપરના એકસોને ચૌદ શબ્દનું તત્વ સમજી તે પ્રમાણે વર્તવા ઉદ્યોગ કરવો કે જેથી કરીને તત્વજ્ઞાનની પ્રાપ્તી થાય.

પ્રકરણ બીજું હિતશિક્ષા વિષે.

"આળસ કરવાની શેમાં જરૂર છે"—નઠારા કૃત્ય કરવાના પ્રસંગમાં "હાથ પગ વિના કયાં થઇ જવું" સદાય જીવહિંસા કરવામાં "કઇ વાતમાં બહેરા થઇ જવું" જે નિંદા કરવામાં મચી રહે તે હોય તેહવાની વાત ન સાંભળવામાં "[illegible] થઇ રહેવું" વિષય બુદ્ધિથી પર [illegible] ઘાય છે" ઘસ કે

રતી હોય પોતાનુ ઉત્તમ કુળ હોય, વિનય યુક્ત પુત્ર હોય ઉત્તમ કળા હોય, પવિત્ર મિત્ર હોય. સદગુણુ સંગ્રહ હોય સારો સ્વભાવ તથા શિયળવ્રત પાળનો હોય એ સાત ગુ- ણોની વ્રુધી કરવાથી ધર્મવ્રધી થાય છે "પોતાના ગુણ શા થી શોભે છે?" માન અર્થાત અભિમાનનો ત્યાગ કરવો, ગુ રૂની વિનય પુર્વક ભક્તિ કરવી, શુશીલ સ્વભાવ રાખવો, સત્ય વચન બોલવું, વિનય અર્થાત પોતાથી વડીલ હોય અથવા માર્દવાદી સદગુણોમાં આગળ પડતા હોય તે સ- ર્વોત્તમ પુરૂષોને ઉભા થઈ આદર પૂર્વક સનમાન કરવું હ મેશાં અમુક પ્રકારનું યથાશક્તિ તપ કરવું એ સાત પ્રકા રથી પોતાના ગુણો શોભે છે. "કોની શોબતનો ત્યાગ ક- રવો?" ખળ અર્થાત પ્રપંચી અને છળભેદ રાખનાર મા- ણસની પરપુરૂષ સાથે જારી કર્મ કરનાર સ્ત્રીની, નઠારેજ રસ્તે ચડાવનાર, પોતાની આજીવીકાનો ભંગ ઇચ્છનારની, સદા અસાતા ઉત્પન્ન કરનારની, હમેશાં રાગદ્વેષની પુષ્ટી ક- રાવનારની, અને ક્રોધરૂપ અગ્નિમાં પ્રજવલીત થતી હોય તેવા પુરૂષની સોબતનો ત્યાગ કરવો તથા સાત જાતના નઠારા દુર વ્યસનનું સેવન કરનારની સોબતનો ત્યાગ કર વો. "સુખની પ્રાપ્તી શાથી થાય છે?" ઉપકાર કરનારના ગુણ યાદ રાખવા અને ધર્મ ગુરૂનું વચન પાળવું, સર્વ પ્રા ણીનું રક્ષણ કરવું, ઉત્તમ વિદ્યાનું ગ્રહણ કરેલું હોય તે યાદ રાખવું, છ શાક્ષી વચ્ચે નિયમ ગ્રહણ કરેલા હોય તે પાળ વા, તથા વિતરાગ દેવના ઉત્તરોત્તર ગૂણોનું સ્તવન કરવું. અને પંચપરમેષ્ટીનું સ્મરણ કરવું. એ સાત કે જેથી સુ ખની પ્રાપ્તી થાયછે તેને પોતાના હ્રદયમાંથી પ્રાણાંતે પણ વિસારવા નહિ. "અચાનક દુ:ખની પ્રાપ્તી શાથી થાય છે." સાત વ્યસનમાં મગ્ન રહેનાર તથા વિષ ધરનાર સર્પ અને મુર્ખ, ગમે તેવી પ્રિતી રાખતી હોય તોપણ તેવી સ્ત્રી, જળ, અગ્નિ, શત્રુ, રાજા એ આ [illegible] વિશ્વાસ રાખવાથી [illegible] ની પ્રાપ્તી થાય છે. "[illegible] પેદા થાયછે?"

પુરૂષોનુ વિનય સર્વજ્ઞ જીનેશ્વર દેવની ભકિત, સુપાત્ર યોગ્ય પ્રીતીદાન દેવું ઉત્તમ સજમ વ્રતનુ આરાધન કરવા ચ્યાર ગમનો પ્રતિદીન પ્રત્યેક ગુણનુ ગ્રહણ કરવા પોતાનું ડહાપણ વાપરવું અને નિસપ્રેહી અર્થાત નગ્રપક્ષથી રેહેવું; તથા પરોપ ાર કરવો એ સાત ગુણનો અતિશય ઉપયોગ કરવાથી મોટુ પદ પેદા થાય છે.

બોલવા વિષેની આઠ રીત.

થોડુ બોલવામાં ઘણો ફાયદો છે વિચારીને બોલવાથી ઘણો લાભ છે કામ ા પ્રસગગી બોલવામાં ઘણો ગુણ છે. વગર બોલાવે ન બોલવાથીજ કિંમત વધે છે સભ્યતાથી નમ્ર વચન બોલવામાં ઘણો ફાયદો છે બે જણની વાત વચ્ચે ન બોલવું એ ઉત્તમ છે પક્ષપાત વિના બોલવુ. શાસ્ત્ર રીવાજ પ્રમાણે બોલવું. ઉપરની આઠ રીતી પ્રમાણે બોલે તે ઉત્તમ પુરૂષ ગણાય છે.

બારજણને ઓળખવાની રીતીના પ્રશ્નોત્તર.

"ક્રોધ ક્યાં રહે છે?" એ ઓીવાળા પુરૂષના હૃદયમાં.
"અભિમાન કયાં રહે છે?" ક્ષત્રીઓના હૃદયમાં.
"કપટ કયાં રહે છે?" જોગી સન્યાસીઓના હૃદયમાં.
"લોભ ક્યાં રહે છે?" બ્રાહ્મણોના હૃદયમાં.
"પ્રપંચ ક્યાં રહે છે?" વેશ્યાના હૃદયમાં.
"ચિંતા ક્યાં રહે છે?" વાણીઆના હૃદયમાં.
"શોગ કયાં રહે છે"? જુગટીયાની માના કોઠામાં.
"નિદ્રા ક્યાં રહે છે?" ધર્મકથા વંચાય ત્યાં.
"દ્વેષ ક્યાં રહે છે?" એ શોકના હૃદયમાં.
"સ્નેહ ક્યાં રહે છે?" મિત્રોના હૃદયમાં.
"દયા ક્યાં રહે છે?" સમકિતી મુનીઓના હૃદયમાં
"સંતોષ ક્યાં રહે છે?" જ્ઞાની સાધુ, સાધવીના હૃદયમાં.